# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 16-03-2025** **Morning: 7.45 TO 7.55**
**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **રૂપલ જાની** વાંચે છે.

****************************************************

1) વૈશ્વિક નાણાકીય કંપની મોર્ગન સ્ટેનલીનું અનુમાન છે કે, ભારત 2028 સુધીમાં વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનશે.
2) ભારતીય માનક બ્યુરોએ અસુરક્ષિત બિન-પ્રમાણિત ઉત્પાદનો વેચતા ઈ-કોમર્સ પ્લેટફોર્મ સામે કાર્યવાહી કરી.
3) દેશભરમાં આજે રાષ્ટ્રીય રસીકરણ દિવસની ઉજવણી.
4) કેન્દ્રીય રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયા આજે નવી દિલ્હીમાં ફિટ ઇન્ડિયા કાર્નિવલનું ઉદ્ઘાટન કરશે.
5) મહિલા પ્રીમિયર લીગ ક્રિકેટમાં, મુંબઈ ઇન્ડિયન્સે દિલ્હી કેપિટલ્સને હાર આપી બીજું ટાઇટલ જીતી લીધું.

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## INDIA---MORGAN-STANLEY

વૈશ્વિક નાણાકીય કંપની મોર્ગન સ્ટેનલીએ તેના અહેવાલમાં જણાવ્યું છે કે ભારત 2028 સુધીમાં જર્મનીને પાછળ છોડીને વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનશે. રિપોર્ટમાં જણાવાયું છે કે 2023માં ભારતીય અર્થતંત્ર 35 ટ્રિલિયન અમેરિકન ડોલરનું હતું અને 2026 સુધીમાં 47 ટ્રિલિયન અમેરિકન ડોલર સુધી પહોંચવાનો અંદાજ છે. મોર્ગન સ્ટેનલીના મતે, ભારતનું અર્થતંત્ર 2028 માં 57 ટ્રિલિયન અમેરિકન ડોલર સુધી વધશે અને તે જર્મનીને પાછળ છોડી દેશે. રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે ભારત વિશ્વના સૌથી વધુ માંગ ધરાવતા ગ્રાહક બજાર તરીકે ઉભરી આવ્યું છે અને તેના વૈશ્વિક આર્થિક રેન્કિંગમાં પણ નોંધપાત્ર સુધારો થયો છે.

ભારતીય જનતા પાર્ટીએ કહ્યું છે કે આ અસાધારણ વૃદ્ધિ કોઈ સંયોગ નથી પરંતુ વર્ષોના દૂરંદેશી નેતૃત્વ અને સાહસિક આર્થિક સુધારાઓનું પરિણામ છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, પાર્ટીએ કહ્યું કે પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ કાર્યભાર સંભાળ્યો ત્યારથી.. 'મેક ઇન ઇન્ડિયા' અને 'ડિજિટલ ઇન્ડિયા' જેવી પહેલોએ ઔદ્યોગિક નવીનતાને વેગ આપ્યો છે, ગામડાઓને ઉત્પાદન કેન્દ્રોમાં અને શહેરોને સમૃદ્ધ આર્થિક કેન્દ્રોમાં પરિવર્તિત કર્યા છે.

---

## BIS-E-COMMERCE-PLATFORMS

ભારતીય માનક બ્યુરોએ અસુરક્ષિત બિન-પ્રમાણિત ઉત્પાદનો વેચતા ઈ-કોમર્સ પ્લેટફોર્મ સામે કાર્યવાહી કરી.

બ્યુરો ઓફ ઇન્ડિયન સ્ટાન્ડર્ડ્સ - BISએ લખનૌ, ગુરુગ્રામ અને દિલ્હી જેવા અનેક શહેરોમાં એમેઝોન અને ફ્લિપકાર્ટ સહિત મુખ્ય ઇ-કોમર્સ પ્લેટફોર્મના અનેક

વેરહાઉસ પર તપાસ અને જપ્તીની કામગીરી હાથ ધરી હતી. દેખરેખ દરમિયાન, BISને જાણવા મળ્યું છે કે એમેઝોન, ફ્લિપકાર્ટ, મીશો, મિન્ત્રા, બિગ બાસ્કેટ જેવા ઈ-કોમર્સ પ્લેટફોર્મ પર ઘણી બિનપ્રમાણિત પ્રોડક્ટ્સ વેચાઈ રહી છે. અમારા સંવાદદાતા જણાવે છે કે આ ઝુંબેશનો હેતુ અસુરક્ષિત અને અપ્રમાણિત ઉત્પાદનોના વિતરણને રોકવાનો છે.

**(બાઈટ – કરિશ્મા)**

---

## RASHTRIYA RASIKARAN DIVAS

આજે રાષ્ટ્રીય રસીકરણ દિવસ છે. ભારત સરકારે સઘન રસીકરણ અભિયાન હેઠળ વિવિધ રોગોની રસી આપીને લોકોને જીવનદાન આપ્યું છે.

સરકારનું પોલિયો રસીકરણ અભિયાન તેનાં “દો બુંદ જિંદગી કે” સુત્ર માટે ખૂબ જાણીતું બન્યું છે. વિવિધ રસીકરણ અભિયાન અંતર્ગત પોલિયો, ટીબી, શીતળા, ઓરી, ઇન્ફ્લુએન્ઝા અને કોરોના જેવી ગંભીર બીમારીઓ સામે લડીને અનેક લોકોને બચાવી શકાયા છે.

16 માર્ચ, 1955નાં રોજ ભારત સરકારે દેશમાંથી પોલિયો નાબૂદ કરવા માટે પોલિયોની રસીનો પ્રથમ ડોઝ આપીને સત્તાવાર રીતે પલ્સ પોલીયો રસીકરણ કાર્યક્રમની શરૂઆત કરી હતી.

સરકારના અવિરત પ્રયત્નના કારણે જ ગંભીર રોગ સામે સફળતા મળી અને વર્ષ 2014માં ભારતને પોલિયો મુક્ત દેશ જાહેર કરવામાં આવ્યો.

---

# PM-PODCAST

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લોકોને આજે પ્રસારિત થનારા લેક્સ ફ્રિડમેન સાથેના તેમના પોડકાસ્ટ ઇન્ટરવ્યુને સાંભળવા વિનંતી કરી છે. શ્રી મોદીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું છે કે, શ્રી ફ્રીડમેન સાથે તેમની ખૂબ જ સારી વાતચીત થઈ. આ વાતચીતમાં શ્રી મોદીનું બાળપણ, હિમાલયમાં વિતાવેલો સમય અને તેમના જાહેર જીવન સહિત અનેક મુદ્દાઓ આવરી લેવામાં આવ્યા હતા. શ્રી ફ્રીડમેને કહ્યું કે તેમણે પ્રધાનમંત્રી મોદી સાથે ત્રણ કલાક સુધી પોડકાસ્ટ વાતચીત કરી. સોશિયલ મીડિયા પોસ્ટમાં તેમણે કહ્યું કે, આ તેમના જીવનની સૌથી પ્રભાવશાળી વાતચીત હતી.

---

# PADMA-AWARDS

આવતા વર્ષે પ્રજાસત્તાક દિવસ નિમિત્તે જાહેર થનારા પદ્મ પુરસ્કારો માટે ઓનલાઈન નામ નોંધણી શરૂ થઈ છે. નામાંકન માટેની છેલ્લી તારીખ 31 જુલાઈ છે. આ પુરસ્કારો માટે નામાંકન અને ભલામણો ફક્ત રાષ્ટ્રીય પુરસ્કાર પોર્ટલ પર ઓનલાઈન સ્વીકારવામાં આવશે.

પદ્મ પુરસ્કારોમાં દેશના સર્વોચ્ચ નાગરિક સન્માનોમાં પદ્મ વિભૂષણ, પદ્મ ભૂષણ અને પદ્મ શ્રીનો સમાવેશ થાય છે. આ પુરસ્કારો હેઠળ, જાણીતા લોકોને તેમના 'ઉત્તમ કાર્ય' માટે સન્માનિત કરવામાં આવે છે.

2045----RAJESH-MEENA.mp3

---

# MANDAVIYA-FIT-INDIA-CARNIVAL

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયા આજે નવી દિલ્હીના જે.એલ.એન. સ્ટેડિયમ ખાતે ફિટ ઇન્ડિયા કાર્નિવલનું ઉદ્ઘાટન કરશે. ત્રણ દિવસીય ફિટનેસ અને વેલનેસ ફેસ્ટિવલનો ઉદ્દેશ્ય ફિટ ઇન્ડિયા ચળવળના ફિટ, સ્વસ્થ અને સ્થૂળતા મુક્ત રાષ્ટ્રના વિઝન સાથે સુસંગત સ્વસ્થ અને સક્રિય જીવનશૈલીને પ્રોત્સાહન આપવાનો છે. તેમાં દોરડા કૂદવા, સ્ટેશનરી સાયકલિંગ, આર્મ રેસલિંગ, ક્રિકેટ બોલિંગ સહિત અનેક રમતગમત પ્રવૃત્તિઓનો સમાવેશ થશે. ઉદ્ઘાટનમાં યુવા બાબતો અને રમતગમત રાજ્યમંત્રી રક્ષા ખડસે અને બોલિવૂડ અભિનેતા આયુષ્માન ખુરાના પણ હાજરી આપશે.

આ કાર્યક્રમ દરમિયાન, આગામી 20 માર્ચથી રાષ્ટ્રીય રાજધાનીમાં યોજાનાર ખેલો ઇન્ડિયા પેરા ગેમ્સનો લોગોનું અનાવરણ અને રમતોત્સવના ખાસ ગીતની પ્રસ્તુતિ કરવામાં આવશે.

---

# CRICKET---WPL

મહિલા પ્રીમિયર લીગ ક્રિકેટમાં, મુંબઈ ઇન્ડિયન્સે દિલ્હી કેપિટલ્સને સતત ત્રીજી વખત હાર આપી બીજું ટાઇટલ જીતી લીધું . મુંબઈના બ્રેબોર્ન સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં , હરમનપ્રીત કૌરના 44 બોલમાં 66 રનની શાનદાર રમતમાં મુંબઈ ઇન્ડિયન્સે 7 વિકેટ પર 149 રન બનાવ્યા . જવાબમાં, દિલ્હી કેપિટલ્સ 9 વિકેટે 141 રન કર્યા હતા.

હરમનપ્રીત કૌરને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરાયા.

---

## WFI-WRESTLING-TEAM

ભારતીય કુસ્તી સંઘ દ્વારા સિનિયર એશિયન ચેમ્પિયનશિપ માટે વિશ્વ ચેમ્પિયનશિપ ચંદ્રક વિજેતા દીપક પુનિયા અને એન્ટિમ પંઘાલ સહિત 30 કુસ્તીબાજોની પસંદગી કરી છે. આ ચેમ્પિયનશિપ 25 થી 30 માર્ચ દરમિયાન જોર્ડનના અમ્માનમાં યોજાશે., પુરુષોની ફ્રીસ્ટાઇલ, ગ્રીકો-રોમન અને મહિલા શ્રેણીઓ માટે દસ-દસ કુસ્તીબાજોની પસંદગી કરવામાં આવી છે. કુસ્તી સંગઠને કહ્યું છે કે પસંદગી પ્રક્રિયા સ્પર્ધાત્મક અને પારદર્શક બને તે સુનિશ્ચિત કરવા માટે દેશના ટોચના કુસ્તીબાજોને ટ્રાયલ્સમાં ભાગ લેવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું.

---

## MYANMAR-AIRSTRIKE

મ્યાનમારમાં, લોકશાહી સમર્થકો દ્વારા નિયંત્રિત એક ગામ પર સેનાના હવાઈ હુમલામાં છ બાળકો સહિત 27 નાગરિકો માર્યા ગયા છે. મંડલે પીપલ્સ ડિફેન્સ ફોર્સના પ્રવક્તાએ જણાવ્યું હતું કે સિંગુ શહેરના લેટ પાન હલા ગામમાં ગઈકાલે થયેલા હવાઈ હુમલામાં 30 લોકો ઘાયલ થયા હતા.

મંડલે પીપલ્સ ડિફેન્સ ફોર્સ મ્યાનમારના મુખ્ય વિપક્ષી પક્ષનું સમર્થક છે. ગયા વર્ષે જુલાઈમાં, તેણે સિંગુ શહેર પર કબજો કર્યો હતો.

---

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે નિકીતા શાહ

- વિદેશમાં વસવા ઈચ્છતા લોકોની ચિંતામાં વધારો કરતાં ગ્રીનકાર્ડના સમાચારોને તમામ અખબારોએ મુખ્ય સમાચારોમાં સ્થાન આપ્યું છે. ગુજરાત સમચાર લખે છે ગ્રીનકાર્ડ અમેરિકામાં કાયમી વસવાટનો આધાર નથી, હકાલપટ્ટી પણ થઈ શકે.
- નવગુજરાત સમય લખે છે ગ્રીનકાર્ડ અમેરિકાના કાયમી રહેવાનો પરવાનો નથી : ઉપપ્રમુખ જે.ડી.વાન્સ
- દિવ્ય ભાસ્કરની હેડલાઇન છે ગ્રીન કાર્ડ કાયમી નથી,કોણ રહેશે તે અમે નક્કી કરીશું.
- સંદેશે, પાક.ની મુશ્કેલી વધશે, અમેરિકામાં ટ્રાવેલ બેન. ને મુખ્ય શીર્ષકમાં સ્થાન આપ્યું છે.
- કર્ણાટકમાં મુસ્લિમોને સરકારી ટેન્ડર્સમાં 4 ટકા અનામત અપાશે. આ સમાચારને પણ તમામ અખબારે પહેલા પાને લીધા છે.
- સોનાના ભાવોમાં ઉછાળાના સમાચારોને મુખ્ય શીર્ષક બનાવતા ગુજરાત સમાચાર લખે છે. સોનું રૂ.90,700ની ઐતિહાસિક ટોચે ; ચાંદીમાં પણ તેજી. નવગુજરાત સમય લખે છે ટેરિફ વોરથી મંદીના ભણકારા, સોનું રૂ 90,700ની ટોચે
- સ્થાનિક સમાચારોમાં નવ ગુજરાત સમયે વસ્ત્રાલમાં ગુંડા રાજ, 14ની ધરપકડ પોલીસની શાખ પર બટ્ટો-ને સ્થાન આપ્યું છે તો ગુજરાત સમાચારે દસ્તાવેજ ન થાય તે માટે શખ્સો હથિયાર સાથે કલેકટર કચેરીમાં ઘૂસ્યા.. ને સ્થાન આપ્યું છે. દિવ્ય ભાસ્કરે વડોદરામાં નશામાં ચૂર યુવકે 120ની સ્પીડે કાર દોડાવી હારબંધ ટૂ વ્હીલર ચાલકોને ઉડાવ્યા,1 મહિલાનું મોતના સમાચાર લીધા છે.